## જન્મદિને વધામણી



ગુણવંત ડી ગોહેલ
ફોન : ૨૩૨૨૪૩૫૬



કીર્તિકુમાર ઉપાધ્યાય



ઝીલ સુનિલકુમાર રાઠોડ
મો. ૯૯૦૯૯ ૫૧૧૮૯



હર્ષ જયેશભાઈ પટેલ
મો. ૯૮૨૪૨ ૧૦૧૪૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ, વડોદરા દ્વારા

# સ્વામી વિવેકાનંદ વિષયક રાજ્ય સ્તરની લેખિત ક્વિઝ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત રાજ્ય સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક) અને રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ, વડોદરાના સંયુક્ત ઉપક્રમે રાજ્ય સ્તરીય સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં મેમોરિયલના સચિવ સ્વામી નિખિલેશ્વરાનંદજીએ જણાવ્યું છે કે સંસ્થા દ્વારા આ સાતમી રાજ્ય સ્તરીય સ્પર્ધા છે, જે અંગે શિક્ષણ નિયામક દ્વારા તા. ૩ ઑગષ્ટના રોજ તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પત્રથી જાણ કરવામાં આવી છે.

આ સ્પર્ધામાં ધોરણ-૯થી ૧૨માં ભણતા ભાઈ-બહેનો ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં ભાગ લઈ શકશે. સ્પર્ધા ૫૦ ગુણની રહેશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે વિદ્યાર્થીએ ૧૩ સપ્ટેમ્બર સુધીમાં નામ નોંધાવવાના હતા એ પછી સ્કૂલે તા. ૩૦ સપ્ટેમ્બર સુધીમાં સ્પર્ધકોની વિગતો તેમની ફીની રકમ સાથે મોકલી આપવાની રહેશે.

તમામ સ્પર્ધકોને 'સ્વામી વિવેકાનંદ સંક્ષિપ્ત જીવન' પુસ્તક ભેટ આપવામાં આવશે. આ પુસ્તિકા શાળાઓને ગુરુવાર, તા. ૨૦ ઑક્ટોબર સુધીમાં મોકલવામાં આવશે, જો પુસ્તિકા સમયસર ન મળે તો શાળાએ મેમોરિયલનો સંપર્ક કરી તે મેળવી લેવાની રહીશે. આ પુસ્તિકા શાળાએ તા. ૨૫ ઑક્ટોબર સુધીમાં દરેક સ્પર્ધકને આપી દેવાની રહેશે અને શાળા કક્ષાની સ્પર્ધા તા. ૨૯ નવેમ્બર, ૨૦૧૬ના રોજ સવારે ૧૧થી ૧૨ દરમ્યાન લેવાની રહેશે. સ્પર્ધાના પ્રશ્નોના જવાબની ચકાસણી શાળા કક્ષાએ આચાર્યએ કરવાની રહેશે. સાચા જવાબ માટેની વિગતો રામકૃષ્ણ મિશન દ્વારા મોકલી આપવામાં આવશે.

શાળાઓને તેમનાં પરિણામ તા. ૮ ડિસેમ્બર, ૨૦૧૬ સુધીમાં રામકૃષ્ણ મિશન, વડોદરા ખાતે મોકલી આપવાના રહેશે, તેની એક નકલ જિલ્લા શિક્ષણાધિકારીને પણ મોકલવાની રહેશે. શાળા કક્ષાએ ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનારને રામકૃષ્ણ મિશન, વડોદરા દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. શાળા કક્ષાએ પ્રતમ ક્રમે આવેલા સ્પર્ધકને જિલ્લાકક્ષાની સ્પર્ધામાં મોકલવામાં આવશે. જિલ્લાકક્ષાની સ્પર્ધા તા. ૨૦ ડિસેમ્બરના રોજ અને ત્યારબાદ જિલ્લા અને રાજ્યકક્ષાની સ્પર્ધાનું પરિણામ ૪ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ જાહેર કરવામાં આવશે.

રાજ્ય કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમ મેળવનાર તથા જિલ્લાકક્ષાએ પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને વડોદરા ખાતે પાંચમી ફેબ્રુઆરીના રોજ આયોજિત એક સમારોહ અંતર્ગત ઈનામો એનાયત કરવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં સ્ત્રી સશક્તિકરણ વિષયે વ્યાખ્યાન યોજાયું



ગાંધીનગર, તા. ૨૨

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં કાર્યરત એનએસએસ યુનિટ અને સીડબલ્યુડીસીના સંયુક્ત ઉપક્રમે એજ્યુકેશન ફોર વુમન એમ્પાવરમેન્ટ વિષયે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. ત્યારબાદ પ્રિન્સિપાલ ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરીએ સ્મૃતિચિહ્ન આપીને મહેમાનોનું સ્વાગત કર્યું હતું. વક્તા પ્રિન્સિપાલ ડૉ. સુભાષભાઈ બ્રહ્મભટ્ટે સ્ત્રીઓની આદરભાવવાળી આ સંસ્કૃતિમાં ગળથૂથીમાં ગળાય એવું ચરિત્ર છે એવું છે એવી વાત કરીને સ્ત્રી-પુરુષનું સાયુજ્ય સંયુક્તપણામાં છે, દીકરીઓને પોતાની જાતનો ઓળખો અને દીકરી દોરે ત્યાં દુનિયા જાય એવા આજના વિમેન કોન્સન્ટ્રેશન પાવર યુગમાં સ્ત્રીઓએ જ પોતાનું આત્મગૌરવ, આત્મસ્વમાન અને આત્મસ્વાભિમાન જાળવવું રહ્યું એમ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે 'સ્ત્રી જ સમાજની રખેવાળ છે, માટે પોતાનું માર્ગદર્શન તેણે પોતે જ કરવું રહ્યું.' રસાળ શૈલીમાં તેમણે આપેલું વ્યાખ્યાન સૌને સ્પર્શી ગયું હતું. ૭૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ આ વ્યાખ્યાનનો લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન એનએસએસ યુનિટના વડા પ્રૉ. ભરતસિંહ રાવેક ર્યું હતું, આભાર દર્શન ડૉ. લીના સ્વાદિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ સે

એમની પરવા ના કરશો, જેમનો વિશ્વાસ સમય સાથે બદલાઈ જાય છે...

પરંતુ એમની પરવા હંમેશાં કરજો જેમનો વિશ્વાસ ત્યારે પણ ટકી રહ્યો હોય છે, જ્યારે તમારો સમય બદલાઈ જાય છે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
રાઝ રિબૂટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બાર બાર દેખો
૧.૦૦

**સ્ક્રીન-૩**
ધી શેલોઝ (અંગ્રેજી)
૩.૪૫, ૭.૪૫
ધી શેલોઝ (હિન્દી)
૫.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
ફ્રિકી અલી
૧૨.૪૫
બાર બાર દેખો
૩.૪૫, ૯.૩૦
કૉલેજ બસ (ગુજરાતી)
૬.૪૫

**સ્ક્રીન-૫**
રાઝ રિબૂટ
સવારે ૧૦.૦૦
પિન્ક
૧.૦૦,૪.૦૦,૧૦.૦૦
ફ્રિકી અલી
૭.૦૦

# કડી સર્વ વિશ્વવિદ્યાલય ખાતે યુવક મહોત્સવનો થનગનાટ



ગાંધીનગરની સર્વપ્રથમ યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલયનો યુવક મહોત્સવ 'સંગત ૨૦૧૬' શુક્રવારથી બે દિવસ માટે આરંભાઈ રહ્યો છે. ગુરુવારે છેલ્લી ઘડીની તૈયારીઓ માટે વિવિધ કૉલેજના વિદ્યાર્થીઓએ તનતોડ મહેનત કરી હતી. પ્રસ્તુત તસવીર પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓની છે, જેઓ નાટ્યની પ્રૅક્ટિસ માટે મોડી સાંજ સુધી પ્રવૃત્ત રહ્યા હતા.



વડોદરા ખાતે તાજેતરમાં રાજ્ય કક્ષાની ઍથ્લેટીક્સ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધાના અન્ડર-૧૪ વિભાગમાં એસ.જી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. લાંબી કૂદમાં ચોતન એન ચૌધરી તૃતિય ક્રમે અને ૬૦૦ મીટર દોડમાં હર્ષ એસ પંચોલીએ પાંચમો ક્રમ પ્રાપ્ત કર્યો હતો અને રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધામાં પસંદગી પામીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. બંને વિદ્યાર્થીઓને બિરદાવી વ્યાયામ શિક્ષક ચંદ્રેશભાઈ પટેલ તથા ભાવેશભાઈ પટેલ, પ્રિન્સિપાલ મિલિ સિંઘે શાળા પરિવાર વતી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

### સૉફ્ટબૉલની સ્પર્ધા માટે

# જિલ્લાનો વિશિષ્ટ ખેલવીર નૅશનલ ચૅમ્પિયનશીપમાં



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાનો માનસિક વિશિષ્ટ ખેલવીર સૉફ્ટબૉલની સ્પર્ધામાં ભાગ લેવા માટે રવાના થઈ રહ્યો છે. માણેકપુર ગામના વતની વિશાલ વિષ્ણુજી ઠાકોરે સૉફ્ટબૉલની સ્પર્ધા માટે તાજેતરમાં અમદાવાદ ખાતે આયોજિત રાજ્યસ્તરીય કૅમ્પ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો અને તે નૅશનલ કૅમ્પ માટે પસંદગી પામ્યો હતો. વિશાલને તેના વિશિષ્ટ શિક્ષક ભોળાભાઈ પટેલે તાલીમ આપીને તૈયાર કર્યો છે.

તા. ૨૪થી ૨૯ દરમ્યાન ભુવનેશ્વર, ઓરિસ્સા ખાતે આયોજિત સ્પેશિયલ ઑલિમ્પિક્સ નૅશનલ ચૅમ્પિયનશીપમાં વિશાલ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

સ્પેશિયલ ઑલિમ્પિકસના ગાંધીનગર જિલ્લા ગ્રોથ ઍન્ડ ડેવલપમૅન્ટ મૅનેજર જિજ્ઞેશ રાવલ તથા ગાંધીનગરના ખેલપ્રેમીઓ તરફથી વિશાલને શુભકામનાઓ પ્રાપ્ત થઈ રહી છે.

# જેબીઍસ ખાતે કસ્ટમ અને ફ્રેઈટ કોર્સની નવી બૅચનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૨

અમદાવાદની જેબીએસ ગ્રુપ કંપનીની જેબીએસ ઍકેડેમી પ્રાઈવેટ લિમિટેડે કસ્ટમ ક્લિયરન્સ અને ઈન્ટરનેશનલ ફ્રેઈટ ફોર્વર્ડીંગના અભ્યાસક્રમની નવી બેચનો પ્રારંભ કર્યો છે. આ સપ્તાહે શરૂ થતા આ નવા અભ્યાસક્રમમાં ડિપ્લોમા કોર્સ તથા સ'ટફિકેટ કોર્સ અનુક્રમે અન્ડર ગ્રેજયુએટસ અને ગ્રેજ્યુએટસ માટે શરૂ કરાયા છે. આ અભ્યાસક્રમમાં વિદેશ વ્યાપાર નીતિની વિગતો તથા જાણકારી મફશે અને ડોક્યુમેન્ટેશન, ઈન્સ્યોરન્સ, બેંકીંગ, કાર્ગો મૂવમેન્ટ, શિપીંગ, સોફ્ટ સ્કીલ્સ અને પેમેન્ટ જેવા નવા પ્રવાહોને અભ્યાસમાં આવરી લેવાશે. જેબીએસ ઍકેડેમી પ્રાઈવેટ લિમિટેડના ચીફ મેન્ટર અને ડિરેક્ટર શ્રી સમીર જે. શાહ જણાવે છે કે "જેબીએસ ઍકેડેમી હંમેશા અભ્યાસક્રમનું માફખું સમયાનુસાર કરતી હોય છે. ઈન્ટરનેશનલ ફ્રેઈટ ફોર્વર્ડીંગ અને કસ્ટમ ક્લિયરન્સને અમારી ટીમના નિષ્ણાંતો આવરી લેશે. કસ્ટમ ક્લિયરન્સ અને ઈન્ટરનેશનલ ફ્રેઈચ ફોરવર્ડીંગના કોર્સ વિદ્યાર્થીઓ માટે આ વિષયોનું મહત્વ સમજીને શરૂ કરાયા છે. આ કોર્સ અંગે જાહેરાત પછી અમને સમગ્ર ભારતમાંથી પ્રવેશ માટે સતત અરજીઓ મફી રહી છે અને પ્રોત્સાહક પ્રતિભાવ મળ્યો છે."

# ઈસ્કોન મંદિરમાં બનશે ૧૦ કરોડનું વિશેષ મ્યુઝિયમ

ગાંધીનગર, તા. ૨૨

ઈસ્કોન મંદિર અમદાવાદ ખાતે હાલ એક વિશિષ્ટ મ્યુઝિયમ બની રહ્યું છે જેમાં ભગવાન શ્રીકૃષ્ણની જીવનલીલાના પ્રસંગો ઓડિયો-વિઝ્યુઅલ ઈફેક્ટ સાથે જીવંત થશે. આ મ્યુઝિયમ પાછળ આશરે ૧૦ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે. ઈસ્કોન-ગુજરાતના અધ્યક્ષ જશોમતિનંદનદાસજીએ જણાવ્યું કે, મુંબઈના ઈસ્કોન મંદિરમાં પણ આવું મ્યુઝિયમ નથી. મંદિરના પાછળના ભાગમાં મ્યુઝિયમ બનાવવામાં આવશે. ૨૦૧૫ સુધીમાં આ મ્યુઝિયમ પૂર્ણ થાય તેવો અમારો પ્રયાસ રહેશે.

# ઉગ્રવાદ માત્ર ઘાતક હિંસામાં જ નથી, અન્યત્ર પણ છે




mmtrivedi007@gmail.com

આજની દુનિયા અનેકવિધ પ્રશ્નોથી અને દુખોથી ઘેરાયેલી છે, જેમાં પ્રથમ ક્રમે છે તે ઉગ્રવાદ અથવા આતંકવાદ છે. ઉગ્રવાદના નાના-મોટા સંગઠનો વિશ્વને રોજ પ્રતાડિત-પ્રજાળી રહ્યા છે. સૌ સરળતાથી કહેતા ફરે છે કે આતંકવાદનો કોઈ ધર્મ કે જાતિ હોતા નથી. કટ્ટરવાદમાં જેને ભટકાવવામાં આવ્યા છે તેવા યુવા વર્ગના કોઈપણ સંગઠનમાં જોડાઈ ગયા બાદ તે ખૂંખાર શેતાન જેવા થઈ જાય છે અને હિંસા, લૂંટ, રેપ અને ઈન્સાનિયત શરમથી ડૂબી મરે તેવાં હિચકારાં કૃત્યો કરે છે.

આતંક અને ઉગ્રવાદ પ્રજાને રીબાવી-રીબાવીને મારે છે. ત્યારે લોકો પાસે શું માર્ગ બચે છે?

આ બાબત વિશ્વના તમામ દેશોને અસર કરે છે. ઉગ્રવાદને સમજવાનો પ્રયાસ કરવામાં આવે તો ખ્યાલ આવશે કે આ પ્રત્યેક ઘરના ઉંબરા સુધીની પણ ઘટના છે. હળાહળ કળિયુગમાં કોઈનો ત્યાગ કરવો, નિષ્ઠાથી દૂર ભાગવું, જાણી જોઈને અવગણના કરવી, જેનું ખાધું તેની વફાદારી ના કરવી, જાકારો આપવો, બહુમત વિચારથી વિમુખ થઈ કામ કરવું, પરિવારજનો સાથે અહોભાવ વ્યક્ત ન કરવો, કાર્યના સ્થળે કાર્યની અને નીતિથી દૂર ભાગવું, પરિશ્રમ વિના પામી લેવાની ચેષ્ટાઓ કરવી, દંભ દ્વારા જે નથી તે દર્શાવવાના બધા પ્રયાસો કરવા, ભક્તિના રસાસ્વાદ સાથે લોકોની સાચી ભાવનાઓ જોડે રમત રમવી, અર્થ ઉપાર્જન માટે ખૂબ જ અસત્ય વ્યવહાર કરવો, સ્ત્રી દાક્ષિણ્યથી વિમુખ થઈ જવું વગેરે તમામ અનિષ્ટ વ્યવહારો વિસ્તૃત અર્થમાં એક પ્રકારનો ઉગ્રવાદ જ છે.

જે સંતાનો માટે નિજી જિંદગીમાં સંકટો વેઠ્યા અને પગભર કર્યા એ સંતાનો માબાપ માટે સહાનુભૂતિ પણ વ્યક્ત ના કરે તો તેને આપણે કોઈ નામ આપતા નથી. શું એ ઉગ્રવાદ ના કહી શકાય? ઘરના વડીલોનું વારંવાર અપમાન કરવાને કયો વાદ કહેવો? સામા પક્ષની વાતને ધ્યાને લીધા વિના સત્તાના જોરે કામ લેવું એ પણ ઉગ્રવાદ જ છે.

અલબત્ત, કહેવાતા ઉગ્રવાદના આકાઓએ હવે રીત-રસમો બદલી છે. હિંસા-લૂંટ-રેપ વગેરે તો છે જ પરંતુ તેમાં ઉમેરો કરાયો છે નાર્કો ટેરરીઝમનો. સરહદી રાજ્યોમાં નશીલાં ઘાતક દ્રવ્યો ભરપૂર પ્રમાણમાં ઘુસાડાઈ રહ્યાં છે. આ કામમાં તેઓ સફળ થાય છે કેમ કે આ દેશમાં ભ્રષ્ટાચાર નિષ્ફળ થયો નથી. તાજેતરમાં પ્રસ્તુત થયેલી ફિલ્મ ઉડતા પંજાબમાં આ વરવી હકિકત દર્શાવવામાં આવી છે.

નશાથી દેશની પ્રજા ખોખલી, નૂરહિન, કંગાળ અને મૃતઃપ્રાય બની રહી છે ને સરવાળે દેશ પણ નબળો પડી રહ્યો છે. આ બાબતને લોકોએ અને તંત્રએ પણ ગંભીરતાથી લેવાની જરૂર છે.

શું આ માટે આપણે આઝાદી પ્રાપ્ત કરી હતી? પૈસા માટે સીમા પારથી બધું આવવા દઈશું તો અસલામતી પણ દેશમાં નહીં આવે? પછી આપણે કેવી રીતે સલામત રહીશું?

પ્રશ્ન ચિંતાકારક છે અને સમયસર નહીં જાગીએ તો માઠાં પરિણામો પણ આપણે જ ભોગવવાં પડશે!

આતંકવાદનાં તમામ સ્વરૂપો માનવતાની વિરુદ્ધનાં છે અને તેમને હટાવવા માટે આપણે સૌએ સાથે મળીને પ્રયત્નો કરવા પડશે એ સૌએ યાદ રાખવા જેવું છે.

"કર્મ તેરે અચ્છે હૈં તો કિસ્મત તેરી દાસી હૈ, દિલ તેરા અચ્છા હૈ તો ઘર મેં મથુરા કાશી હૈ..."



# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

## 'મારું વતન - વહાલું વતન'